## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પ્યારા દેશવાસીઓ... જેમ અત્યારે દિલ્હીના ગાઢ ધુમ્મસમાં મને જોઈ શકતા નથી... અને સૂર્ય મધ્યાહનમાં તપશે ત્યારે જોઈ શકશો... એમ... જ અમારા વિકાસની વાત છે...!! એવું સમજશો...!!



## ‘સપ્ત સંસ્કૃતિ - ગુજરાત પ્રસ્તુતિ’

અખિલ ભારતીય વિધાન મંડળોના પ્રમુખ અધિકારીઓની પરિષદમાં મહાત્મા મંદિર એમ્પી થિયેટર ખાતે ‘સપ્ત સંસ્કૃતિ - ગુજરાત પ્રસ્તુતિ’ નામના સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, લોકસભાના સ્પીકર સુમીત્રા મહાજન, રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, રાજ્યના મંત્રીઓ, વિધાનસભા અધ્યક્ષશ્રીઓ અને અન્ય મહાનુભાવોની સમક્ષ રમતગમત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે સચિવશ્રી મનિષ ભારદ્વાજની પ્રેરણાથી સફળ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. જેમાં ‘વૈષ્ણવ જન’ ગીત જાણીતા સ્વરકાર શ્રી નયનેશ જાની તથા પઢાર ગ્રુપ - સુરેન્દ્રનગર દ્વારા, ગરબો રાજ્ય વિજેતા ગાંધીનગર પનઘટ કલા કેન્દ્ર દ્વારા, કચ્છી ભજન પૂનશી ગઢવી અને વૃંદ દ્વારા, શૌર્ય રાસ મહેર રાસ મંડળ પોરબંદર દ્વારા, ડાંગી આદિવાસી શિવાજી ભોયે ગ્રુપ દ્વારા, મીશ્ર રાસ આવિષ્કાર ગ્રુપ અમદાવાદ દ્વારા, સૂર્ય પંચ-મહાભૂત શ્રીમતી રમા શ્રીકાંત - ઈલોરા સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ બરોડા દ્વારા ઉપરાંત તમામ કલાકારો દ્વારા વંદે માતરમ્ ગ્રાંડ ફિનાલે રજૂ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને કોરિયોગ્રાફી ગાંધીનગરના ભાવિન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## ખૂણે ખાંચરેથી...

● જાણીતા નાટ્ય અભિનેત્રી પદમારાણીના દુઃખદ અવસાનના સમાચાર આવતાં જ નગરના કલારસિકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

● ગુજરાત વિધાનસભા વધુ એક વખત ખંડિત થવા પામી છે.

● દ. ગુજરાતની ચોર્યાસી બેઠકની પેટા-ચૂંટણીમાં સૌથી વધુ ઉમેદવારો નોંધાયા હતા જે પેટા-ચૂંટણીમાં નોંધાયેલા ઉમેદવારોમાં એક વિક્રમ બન્યો છે.

● સરઢવના વતની અને હાલ કલેક્ટર આણંદ તરીકે ફરજો બજાવતા ડૉ. ધવલ પટેલને ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ પ્રદાન માટે ચૂંટણીપંચ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે.

● ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠક આજે મોકુફ રખાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે શહેરની સરકારી કચેરીઓ પર રોશની કરવામાં આવી છે.

● કોંગ્રેસ અધ્યક્ષા સુ શ્રી સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને સાંસદ શ્રી અહમદ પટેલ ગઈકાલે ગાંધીનગરના અતિથી બન્યા હતા. તેઓએ પૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલાને મળી તેમના માતુશ્રીના દુઃખદ અવસાન અંગે દિલસોજી પાઠવી હતી. તો માજી મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીની પણ મુલાકાત લીધી હતી આ પછી તેઓ પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા નિશીત વ્યાસને ત્યાં જિલ્લા કોંગ્રેસના અને પ્રદેશ કોંગ્રેસના અગ્રણીઓ સાથે મુલાકાત કરી હતી.

## આજે ભાજપના પ્રદેશ કાર્યાલય પર ધ્વજવંદન

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ ખાતે આવતીકાલ તા. ૨૬ જાન્યુઆરીને મંગળવારના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૯.૦૦ કલાકે ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખેલ છે. પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

## આજે સવગુણ મિત્ર મંડળની બેઠક

સવગુણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૩ રામજી મંદિર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. નગરમાં વસતા વણકર સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓને હાજર રહેવા નિમેષ વાઘેલાએ અનુરોધ કર્યો છે.

# પેથાપુર નગરપાલિકાની ચૂંટણી ૨૧મી ફેબ્રુઆરીએ

## રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ : પેથાપુરમાં ૨૪ બેઠકો; ૧૫,૬૯૨ મતદારો મતદાન કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ચૂંટણી આગામી ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવશે.

રાજ્ય ચૂંટણી પંચે આજે રાજ્યની ૨૭ નગરપાલિકાઓની ચૂંટણી યોજવા અંગેનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. રાજ્યના ચૂંટણી કમિશનરશ્રી ડૉ. વરેશ સિંહા અને સચિવ શ્રી મહેશભાઈ જોશીએ આજે આ અંગેની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ૧લી ફેબ્રુઆરીએ આ સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામુ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જારી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે જે ૬ ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી ચાલશે. ૮મી ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રની ચકાસણી કરવામાં આવશે જ્યારે ૯મી ફેબ્રુઆરી ૨૦૧૬ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ રહેશે.

ચૂંટણી માટેનું મતદાન ૨૧મી ફેબ્રુઆરીએ સવારે ૮ થી પાંચ વાગ્યા સુધી યોજાશે. આ માટે ૧૮ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. આ ચૂંટણી માટે ૯૦ જેટલા કર્મચારીઓ ચૂંટણી વિષયક ફરજો બજાવશે.

૧-૧-૨૦૧૬ની સ્થિતિએ પેથાપુર નગરપાલિકામાં ૧૫,૬૯૨ મતદારો નોંધાયેલા છે. જેમાં ૮૧૨૮ પુરુષ અને ૭૫૬૪ મહિલા મતદારો છે. આ ચૂંટણીમાં ૧૨ બેઠકો મહિલાઓ માટે અનામત છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ ચૂંટણીમાં ઉમેદવાર દીઠ રૂ. એક લાખનો ખર્ચ કરી શકવાની મર્યાદા નિયત કરવામાં આવી છે. ચૂંટણીમાં ઉમેદવારે ખર્ચના હિસાબો સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરવાના રહેશે.

વિસર્જીત થઈ રહેલ પેથાપુર નગરપાલિકામાં ૨૧ બેઠકો હતી પરંતુ નવા નિયમો પ્રમાણે ૬ વોર્ડ થતાં ૨૪ બેઠકો થઈ છે. આમ કાઉન્સીલરોની સંખ્યામાં ૩નો વધારો થયો છે.

આ ચૂંટણીઓની સાથે ૮ નગરપાલિકાની ૧૮ બેઠકોની પેટા-ચૂંટણી પણ યોજવામાં આવનાર હોવાનું તેમણે જણાવ્યું હતું.

# ફેબ્રુઆરી માસમાં હજુ ગાત્રો થીજવતી ઠંડી પડશે

છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી પડી રહી છે. આગામી દિવસોમાં હજુ ઠંડીથી કોઈ રાહત મળે તેવી સંભાવના નથી. ફેબ્રુઆરી માસમાં હજુ કડકડતી ઠંડી પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ફેબ્રુઆરી માસના પ્રથમ અઠવાડિયામાં સમગ્ર ગુજરાતમાં આકરી ઠંડી પડશે.

રાજ્યના પહાડી વિસ્તારો, નજીકના બનાસકાંઠા તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં કૃષિપાકો ઉપર હિમ પડવાની વકી રહે. ખાસ કરીને દેશી કપાસની જાતો અને બીનપિયત કેટલાક પાકો ઉપર અસર જણાય. જાન્યુઆરી તા. ૨૭-૨૮માં આકાશ સામાન્યતઃ વાદળછાયુ, ધુંધળુ રહે. જ્યારે તા. ૨૯ થી ફેબ્રુઆરી ૪ સુધીમાં ઠંડા પવનો ફુંકાય, સુસવાટા ભર્યા પવનોની અસર દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં પણ રહે. ફેબ્રુઆરી તા. ૫ થી તા. ૧૪ સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની વકી રહે અને પશ્ચિમી વિક્ષેપોની અસર પણ રહે. પવનવાહક તેમજ જળદાયક નક્ષત્રના યોગો જોતા ફેબ્રુઆરી તા. ૧૯ સુધીમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં વાદળવાયુ, ઝાકળ, હિમ, કે ક્યાંક કમોસમી વરસાદ થવાની શક્યતા રહે. જ્યારે ફેબ્રુઆરી તા. ૧૦ સુધીમાં તો હિમાચલ પ્રદેશ, પંજાબ, હરીયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને વિદર્ભના ભાગો સુધી ઠંડી રહે. દિલ્હી આસામ અને બંગાળામાં પણ હવામાન પલટાય. કાશ્મીર જેવા પર્વતિય પ્રદેશોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ કે બર્ફિલા પવનો ફુંકાવાની વકી રહે.

## આજે પાટનગર ફ્રેન્ડસ કલબ દ્વારા ધ્વજવંદનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની પાટનગર ફ્રેન્ડસ કલબ દ્વારા સેકટર-૩-એ ન્યુના બગીચામાં સવારે ૯.૩૦ કલાકે પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે-૩-ન્યુ, સે-૨, સે-૩, સે-૪ના યુથ સર્કલના સંયુકત ઉપક્રમે યોજાશે. જેમાં શહેર કોંગ્રેસ સમિતિના કોંગ્રેસ પ્રમુક ડૉ. કૌશિક શાહના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કોંગ્રેસ સમિતિના તમામ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

